**MASTER LESSON PLAN (MLP) - ON EQUALITY**

# મુખ્ય પાઠ યોજના
# સમાનતા વિષે

| બોર્ડ | ધોરણ | વિષય | અધ્યાય | ભાષા | શીખવવાનો ટાઇમ |
|---|---|---|---|---|---|
| CBSE | કક્ષા ૭ | સામાજિક વિજ્ઞાન | સમાનતા વિષે | ગુજરાતી | ૮૦ મિનીટ |




For more information on how to use the lesson plan effectively, please scroll to the guidelines at the end of this document.

## MS_ ઉદ્દેશો સમાનતા વિષે

ઉદ્દેશ્યો

શિક્ષક માટે નોંધ: આ વિભાગમાં પાઠ-યોજનાના ઉદ્દેશ્યો આપવામાં આવ્યા છે.
આ દરેક વિભાગના અપેક્ષીત પરિણામો છે, તેથી વિદ્યાર્થિઓને બતાવવાની જુરૂર નથી.

વિદ્યાર્થિઓ સક્ષમ બનશે:
1. સમાજમાં રહેલી અસમાનતાનો અભ્યાસ કરવા
2. સમાનતાના વિવિધ પ્રકારોને વર્ગીકૃત કરવા
3. ભારતની ધર્મનિરપેક્ષતાની પ્રશંસા કરવા
4. વ્યક્તિના માન-સન્માનનનું ઉલંઘન ક્યારે થાય છે તે જણાવવા
5. સમાનતાના અલગ પ્રકારોને વર્ગીકૃત કરવા
6. ભારત પોતાના નાગરિકોને કેવી રીતે સમાનતા આપે છે તેનું વિશ્લેષણ કરવા
7. સહમાનવો પ્રત્યે પ્રેમ અને સહનશીલતા વિકસાવવા
8. રસ્તા પર જીવતા બાળકોની સમસ્યાઓને સમજવા
9. "સમાનતા વિશે" પાઠનું મુલ્યાંકન કરવા
10. રાજકીય, આર્થિક અને સામાજિક સમાનતા સમજાવવા

| શીખવવાનો સમય | વિભાગ પ્રકાર | વિષય | ઉપવિષય |
|---|---|---|---|
| 3 મિનીટ | મુખ્ય પાઠ | વિવિધતા | સમાનતા માટેનો પ્રયત્ન |

## ૧. IQ_બધા માટે સમાન અધિકારો

બધા માટે સમાન અધિકારો

શિક્ષક માટે નોંધ: શિક્ષક વિદ્યાર્થીઓને નીચેના પ્રશ્નો પૂછે. યોગ્ય જવાબ આપતા પહેલા વિદ્યાર્થીઓને વિચારવા અને વધુમાં વધુ જવાબ આપવા પ્રોત્સાહિત કરે.

૧. સર્વજન પ્રૌઢ મતાધિકારનો અર્થ શું છે?

જવાબ: સર્વજન પ્રૌઢ મતાધિકારનો અર્થ એ છે કે દેશના તમામ પ્રૌઢ નાગરિકોને તેમના ધર્મ, જાતિ, લિંગ અથવા આર્થિક સ્થિતિની પરવા કર્યા વગર મતદાન કરવાનો અધિકાર છે.



CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

૨. તમારા મતે લોકશાહીમાં સમાનતા એક મહત્વપુર્ણ લક્ષણ કેમ છે?

જવાબ: લોકશાહીમાં તમામ નાગરિકોની સક્રિય ભાગીદારી જૂરૂરી છે. નિષ્પક્ષ ચુંટણી માટે દરેક વ્યક્તિ ને પોતાનો નેતા પસંદ કરવાનો અથવા પોતે નેતા બનવાનો સમાન અધિકાર આપવામાં આવે છે.







3. આ ચિત્ર જુઓ અને નીચેના પ્રશ્નોના જવાબ આપો:



a) શું તમને લાગે છે કે લોકશાહીમાં લોકો સમાન છે?

જવાબ : લોકશાહીમાં કેટલાક ક્ષેત્રોમાં સમાનતા જોવા મળે છે, પરંતુ ધનિક અને ગરીબ વચ્ચે ઘણો ફરક છે. દરેક વ્યક્તિને સમાન આર્થિક તકો મળતી નથી.

b) મતદાનનો અધિકાર સમાજમાં સમાનતા લાવવામાં કેમ સફળ રહ્યો નથી તે સમજાવો.

જવાબ : જોકે મતદાનનો અધિકાર દરેકને સમાન રાજકીય અધિકાર આપે છે, વાસ્તવમાં આપણા નેતાઓ હજુ પણ લોકોની પરિસ્થિતિ સુધારવા માટે પ્રયત્ન કરી રહ્યા છે.

૪. શું દેશના અલગ અલગ જાતી અને ધર્મ ના લોકો સાથે અલગ રીતે વર્તન કરવામાં આવે છે?

જવાબ : અલગ અલગ જાતિ અને ધર્મ ના લોકો સામે કાયદાકીય રીતે ભેદભાવ કરવામાં આવતો નથી. દુર્ભાગ્યે, ક્યારેક આપણે “અન્ય” જાતી અથવા ધર્મ ના લોકો પ્રત્યે પૂર્વાગ્રહ રાખીએ છીએ.

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust




૫. આપણે સમાજમાં બદલાવ કેવી રીતે લાવી શકીએ અને તેને વધુ સમાન કેવી રીતે બનાવી શકીએ?

જવાબ : જ્યારે આપણે આપણા સહદેશવાસીઓને સ્વીકારતા અને તેમના પ્રત્યે સહનશીલતા રાખતા શીખી જઈએ ત્યારે સમાજમાં બદલાવ લાવી શકાય છે. આપણે બધાને સમાન ગણવા જોઈએ અને સૌ સાથે સુમેળથી રહેવું જોઈએ.



આ સંપતિમાં વપરાયેલી છબીઓની લિંક્સ:-

1. <crowd > <https://www.pxfuel.com/en/free-photo-odoni>
2. <Right to vote> <https://www.flickr.com/photos/55163494@N00/141179773/>
https://www.flickr.com/photos/55163494@N00/141179773
Attribution: Prato9x
3. <hands up
VOTE><https://www.pikrepo.com/fyshi/illustration-of-voting-time-to-vote-raise-your-hand-let-your-voice-be-heard>
4. <high rise and slums> <https://pixabay.com/it/photos/lavanderia-baraccopoli-india-mumbai-1414566/>
Attribution: Image by Jensie De Gheest from Pixabay
5. <treating unfairly> <https://pixabay.com/it/photos/razzismo-intolleranza-salve-2733840/>
Attribution: Image by Vytalis Arnoldus from Pixabay
https://creativecommons.org/licenses/by/2.0/
6. <harmony> <https://commons.wikimedia.org/wiki/File:Harmony_Day_(5475651018).jpg>
DIAC images / CC BY (https://creativecommons.org/licenses/by/2.0)

| શીખવવાનો સમય | વિભાગ પ્રકાર | વિષય | ઉપવિષય |
|---|---|---|---|
| 6 મિનીટ | જિજ્ઞાસુ પ્રશ્નો | વિવિધતા | ભેદભાવ થવા અંગે |

## ૨. MS_સમાનતા ના પ્રકારો

## સમાનતા ના પ્રકારો

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust



ભારતમાં, આપણે આર્થિક અસમાનતા ઉપરાંત, અન્ય પ્રકાર ની  અસમાનતાઓ પણ જોવા મળે છે.
આ જાતિ અથવા ધર્મ પર આધારિત અસમાનતાઓ છે જે આપણે નીચેની વાર્તાઓ માંથી જોઈ શકીએ છીએ.

જાતિ આધારિત અસમાનતા

(શિક્ષક માટે નોંધ: અહીં શિક્ષક ઓમપ્રકાશ વાલ્મીકી ની વાર્તા કહી શકે છે. અહીં જાતિ વ્યવસ્થા પર એક બે પ્રશ્ન પણ પૂછી શકાય છે.  વિદ્યાર્થીઓ વિવિધ જવાબો આપી શકે છે.)

ઓમપ્રકાશ વાલ્મીકી

- જાતિ વ્યવસ્થા ભારત માટે અનોખી છે તથા શહેરી અને ગ્રામીણ ભારત માં જાતિ આધારિત ભેદભાવ સામાન્ય છે.
- આપણને લગ્ન જાહેરાતો મળે છે, જયાં તેઓ ભાવિ વર કે કન્યાની જાતિ નો ઉલ્લેખ કરે છે.
- કેલાક લોકો પોતાને દલિત કહે છે કારણકે તેઓ ભેદભાવ અનુભવે છે. દલિત શબ્ધ નો ઉપયોગ 'તૂટેલા' અર્થ માં થાય છે.
- ગ્રામીણ ભારતમાં, નિચલી જાતિ ના લોકો સાથે અપમાન જનક વર્તન કરવામાં આવે છે.
- જાણીતા દલિત લેખક ઓમપ્રકાશ વાલ્મીકી તેમની આત્મા કથા ‘જુથન’ માં શાળામાં  તેમની સાથે અન્યાયી વર્તન કરવામાં આવ્યું હતું તેના  વિશે વાત કરે છે.
- તેમને વર્ગ ખંડ માં અન્ય બાળકો ની પાછળ બેસવું પડતું હતું અને વર્ગ ખંડ દરમ્યાન રમતનું મેદાન સાફ કરવું પડતું હતું.
- જ્યારે તેમના પિતાએ તેમને શાળામાં ભણવા ને બદલે કામ કરતાં જોયા, ત્યારે તેમને લઈ જવામાં આવ્યા.



ધર્મના આધારે અસમાનતા

(શિક્ષક માટે નોંધ: ધાર્મિક અસમાનતા વિશે ચર્ચા કરવા માટે શિક્ષક અહીં અન્સારી સાથે શું બન્યું તે ટૂંક માં સમજાવી  શકે છે)

અન્સારી પરિવાર શહેરમાં ઘર શોધે છે

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

- અન્સારી પરિવાર ભાડે રાખવા માટે જગ્યા શોધી રહ્યો હતા પરંતુ મોટા ભાગના ઘરના માલિકોએ તેમને ના પાડી દીધી.
- એક જગ્યાએ મકાન માલિકે એમને કહ્યું કે તેમના મકાન માં રહેતા લોકો શાકાહારી છે અને તેઓ માંસાહારીઓને પાડોશીઓ તરીકે રાખવાનું પસંદ કરશે નહીં. પરંતુ અન્સારી પરિવાર ને ત્યાં માછલી રાંધવા ની ગંધ આવતી હતી.
- મિલકત દલાલે તો તેમને તેમના નામ બદલવાનું પણ સૂચન કર્યું, જે અન્યાયી હતું.

<u>સમાનતા ના પ્રકારો</u>

સમાનતાઓ નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય છે. :

૧. રાજકીય સમાનતા.

- જ્યારે દેશના તમામ નાગરિકો ને સમાન રાજકીય અધિકારો આપવામાં આવે છે, ત્યારે તેને રાજકીય સમાનતા કહેવામાં આવે છે.
- લોકશાહીમાં આપણને રાજકીય સમાનતા મળે છે.
- રાજકીય અધિકારો માં મતદાન કરવાનો અધિકાર, ચૂંટણી લડવાનો અધિકાર, કોઈ પણ રાજકીય પક્ષમાં જોડાવાનો અધિકાર વગેરેનો સમાવેશ થાય છે.
- વ્યક્તિ કોઈ પણ સરકારી પદ જેમ કે ધારાસભ્ય, સાંસદ, મુખ્યમંત્રી, વડાપ્રધાન અથવા રાષ્ટ્રપતિ પદ પણ સંભાળી શકે છે.

૨. આર્થિક સમાનતા.

- આર્થિક સમાનતા એ સુનિશ્ચિત કરે છે કે બધા લોકોને ભારતમાં ગમે ત્યાં કોઈપણ નોકરી કે વ્યવસાય અપનાવવાની સ્વતંત્રતા હોય.
- બધાને આજીવિકા મેળવવાની સમાન તકો હોય.
- સમાજમાં અમીર અને ગરીબ વચ્ચે કોઈ ભેદભાવ ન હોવો જોઈએ.

૩. સામાજિક સમાનતા.

- સામાજિક સમાનતા ત્યારે પ્રાપ્ત થાય છે જ્યારે લોકો ધર્મ, જાતિ, ભાષા કે લિંગના આધારે વિભાજિત ન થાય.
- બધા સાથે સમાન રીતે આદર સાથે વર્તન થાય.
- લોકોને કોઈપણ ભેદભાવ વિના કોઈપણ સ્થળે મુસાફરી કરવાની કે મુલાકાત લેવાની સ્વતંત્રતા આપવી જોઈએ.

ભારતીય બંધારણ મુજબ: દેશના તમામ નાગરિકો, જેમાં બધી જાતિ, ધર્મ, જનજાતિ,, શૈક્ષણિક અને આર્થિક પૃષ્ઠભૂમિના પુરુષ અને સ્ત્રીનો સમાવેશ થાય છે, તેમને સમાન ગણવામાં આવે છે.

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust




આ સંપતિ માં વપરાયેલી છબીઓ ની લિંક્સ:-

1. <balanced on a see saw> - <https://pixabay.com/it/illustrations/equilibrio-fisica-matematica-4727308/> Attribution: Image by yeTis from Pixabay
2. <Dalit basti> <https://www.flickr.com/photos/gargi/50021626> Attribution: Harini Calamurhttps://creativecommons.org/licenses/by-nc-nd/2.0/

| શીખવવાનો સમય | વિભાગ પ્રકાર | વિષય | ઉપવિષય |
|---|---|---|---|
| ૧૦ મિનીટ | મુખ્ય પાઠ | વિવિધતા | અસમાનતા અને ભેદભાવ |

## 3. IA_ધાર્મિક સમાનતા

ધાર્મિક સમાનતા

ભારત

- ભારત એક ધર્મનિરપેક્ષ રાજ્ય છે. આનો અર્થ એ છે કે રાજ્યનો કોઈ રાજ્ય ધર્મ નથી અને તેથી કોઈ ધાર્મિક ભેદભાવ નથી.
- અહીં, કોઈપણ નાગરિક (તેના ધર્મને ધ્યાનમાં લીધા વિના) દેશના સર્વોચ્ચ પદો સંભાળી શકે છે. તે રાષ્ટ્રપતિ, વડા પ્રધાન અથવા સશસ્ત્ર દળોના વડા પણ બની શકે છે.

ઉદાહરણ તરીકે-

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ અને જ્ઞાની ઝૈલ સિંહ આપણા દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હતા, ડૉ. મનમોહન સિંહ વડા પ્રધાન અને ફિલ્ડ માર્શલ એસ.એચ.એફ.એચ. માણેકશૉ ભૂતપૂર્વ

આર્મી ચીફ હતા.




ભારતમાં ધાર્મિક તહેવારો:

- ભારત સાંસ્કૃતિક વિવિધતાથી પણ સમૃદ્ધ છે. બહુસાંસ્કૃતિક રાષ્ટ્ર તરીકે, આપણે અનેક ધાર્મિક તહેવારો આનંદ અને ઉત્સાહથી ઉજવીએ છીએ.
- દિવાળી, નાતાલ, ઈદ, પતેતી, વેસાક, નવરાત્રી અને ગણેશ ચતુર્થી જેવા તહેવારો બધા સમુદાયો દ્વારા ઉજવવામાં આવે છે.
- ભારત ખરેખર તહેવારોની ભૂમિ છે જ્યાં બધા ધર્મના લોકો સુમેળથી સાથે રહે છે.




## શ્રીલંકા

• શ્રીલંકા, જે એક પડોશી દેશ છે, તેનો એક રાજ્ય ધર્મ છે.
• અહીંની મોટાભાગની વસ્તી બૌદ્ધ છે અને તેથી શ્રીલંકાના બંધારણનો ઉદ્દેશ્ય 'બૌદ્ધ ધર્મનું રક્ષણ અને સંવર્ધન' કરવાનો છે.
• જોકે, બંધારણ તેના નાગરિકોને કોઈપણ ધર્મ પાળવાનો અધિકાર આપે છે અને સમાનતા પણ સુનિશ્ચિત કરે છે.

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust







આ સંપત્તિમાં વપરાયેલી છબીઓની લિંક્સ:-

1. <Ram Nath Kovind> <https://commons.wikimedia.org/wiki/File:Ram_Nath_Kovind_portrait.png> Attribution: President of India / CC BY (https://creativecommons.org/licenses/by/3.0)
2. <Dr. A.P.J. Abdul Kalam> <https://commons.wikimedia.org/wiki/File:APJ_Abdul_Kalam_Speech.JPG> Attribution: Vipul5491 at English Wikipedia / CC0
3. <Giani Zail Singh> > <https://commons.wikimedia.org/wiki/File:President_of_India_Giani_Zail_Singh_(cropped).jpg > Attribution: Rsamy2008 / CC0
4. <Field Marshal Maneckshaw> <https://en.m.wikipedia.org/wiki/File:Field_Marshal_Manekshaw,_MC.jpg>
5. <Eid > <https://pixabay.com/de/illustrations/eid-mubarak-ramadan-muslimischen-4541470/> Attribution: Image by WAQAR AHMAD from Pixabay
6. <Diwali lights> <https://www.pikist.com/free-photo-ixcbr>
7. <Christmas Tree> <https://www.needpix.com/photo/download/525154/christmas-tree-abu-dhabi-emirates-palace-hotel-jewels-expensiveemirates- free-pictures-free-photos-free-images> Attribution: Raventhorne (pixabay.com)
8. <Sri Lanka map> <https://www.flickr.com/photos/kwankwan/6943528144> Attribution: kwan kwan https://creativecommons.org/licenses/by/2.0/
9. <Buddha> https://pixabay.com/it/photos/taiwan-grande-buddha-553526/Tim

| શીખવવાનો સમય | વિભાગ પ્રકાર | વિષય | ઉપવિષય |
|---|---|---|---|
| 3 મિનીટ | રસપ્રદ પાસાં | લોકશાહી | ભારતીય લોકશાહી માં સમાનતા |

## ૪. MS_ગૌરવ અને આદર

### ગૌરવ અને આદર

- જ્યારે કોઈ વ્યક્તિ સાથે ભેદભાવ કરવામાં આવે છે ત્યારે તેના ગૌરવનું ઉલ્લંઘન થાય છે. તેથી, ગૌરવનો અર્થ એ છે કે વ્યક્તિ પોતાને અથવા અન્ય લોકોના 'સન્માનને પાત્ર' માને છે.
- બીજા શબ્દોમાં કહીએ તો, વ્યક્તિનું મૂલ્ય અને આદર થવું જોઈએ.
- જ્યારે લોકો બીજા લિંગ, ધર્મ, જાતિ અથવા વર્ગના હોય ત્યારે તેમની સાથે અસમાન વર્તન થાય છે.
- જ્યારે આપણે તેમની સાથે કઠોર વર્તન કરીએ છીએ ત્યારે વ્યક્તિના ગૌરવનું ઉલ્લંઘન થાય છે.

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust 



(શિક્ષક માટે નોંધ: ઓમપ્રકાશ વાલ્મીકી અને અન્સારીઓની વાર્તા અહીં ટૂંકમાં ચર્ચા કરી શકાય છે)

- અન્સારી અને ઓમપ્રકાશ વાલ્મીકીના ગૌરવનું પણ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું
- અન્સારીઓને ઘર આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો કારણ કે તેઓ એક અલગ ધર્મના હતા અને ઓમપ્રકાશ વાલ્મીકી સાથે શાળામાં તેમના શિક્ષકો દ્વારા અન્યાયી વર્તન કરવામાં આવ્યું હતું.
- દલિત હોવાને કારણે, ઓમપ્રકાશ વાલ્મીકીનું બાળપણ મુશ્કેલીઓથી ભરેલું હતું, ખાસ કરીને શાળામાં. તેમને વર્ગખંડમાં બીજા બધા વિદ્યાર્થીઓની પાછળ બેસવું પડતું હતું. જ્યારે અન્ય વિદ્યાર્થીઓ વર્ગમાં હાજરી આપતા હતા ત્યારે તેમને દરરોજ રમતનું મેદાન સાફ કરવાનું કહેવામાં આવતું હતું. તેમને પાણી પીવા માટે વિરામ લેવાની પણ મંજૂરી નહોતી.
- અન્સારી ભાડે આપવા માટે ઘર શોધી રહ્યા હતા. જોકે, મકાનમાલિકે તેનું મકાન ભાડે આપવાનો ઇનકાર કર્યો હતો કારણ કે તે 'માંસ ખાતા' લોકો સાથે કે બાજુ માં રહેવા માંગતા નોતા.
- તેમને ઘણી જગ્યાએથી દૂર કરવામાં આવ્યા હતા. અંતે, મિલકત દલાલે તેમને તેમના નામ બદલવાનું સૂચન કર્યું. આ તેમના 'ગૌરવ'નું અપમાન હતું.

(શિક્ષક માટે નોંધ: શિક્ષક ખ્યાલ સ્પષ્ટ કરવા માટે એક કે બે પ્રશ્નો પૂછી શકે છે. વિદ્યાર્થીઓના જવાબો અલગ અલગ હોઈ શકે છે)

પ્રશ્ન ૧: શું તમે તમારા જીવનમાં એવી કોઈ ઘટના વિષે વિચારી શકો છો જેમાં તમારા ગૌરવનું ઉલ્લંઘન થયું હોય? આનાથી તમને કેવું લાગ્યું?

જવાબ: હા, જ્યારે મારા મિત્રો ગઈકાલે એક સંગીત કાર્યક્રમ વિષે વાત કરી રહ્યા હતા, એમાં મને સામેલ ન કર્યો ત્યારે મને દુઃખ થયું હતું.

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust






લોકોની લાગણીઓ નો આદર કરો. ભલે એ તમારા માટે કાઈંજ ન હોય, પણ એમના માટે ખુબજ મહવતપૂર્ણ હોઈ શકે છે.

સભ્યતા, સંસ્કૃતિ અને ગૌરવની સાચી કસોટી પોશાક નહીં, પણ ચારિત્ર્ય છે - મહાત્મા ગાંધી.

આ સંપત્તિમાં વપરાયેલી છબીઓની લિંક્સ:-

1. <children eating the midday meal together><https://www.pxfuel.com/en/free-photo-jajuu>
2. <children playing together> <https://commons.wikimedia.org/wiki/File:Children_playing,_school_afternoon,_India.jpg>
Attribution: Mr
Thinktank / CC BY (https://creativecommons.org/licenses/by/2.0)
3. <girl left out> <https://pixabay.com/de/illustrations/ausgelassen-einsam-clique-624736/>
4. <M.K.Gandhi> <https://freesvg.org/gandhi-image>
<Respect people’s feelings>
<https://www.publicdomainpictures.net/en/view-image.php?image=251138&picture=respect-peoples-feelings>

| શીખવવાનો સમય | વિભાગ પ્રક | વિષય | ઉપવિષય |
|---|---|---|---|
| 8 મિનીટ | મુખ્ય પાઠ | લોકશાહી | ગૌરવને ઓળખો |

## ૫. SA_આપણા જીવનમાં સમાનતાનો અધિકાર

આપણા જીવનમાં સમાનતાનો અધિકાર

ધ્યેય: સમાનતાના અધિકારના સંદર્ભમાં પોતાના ક્ષેત્રમાં સામાજિક, રાજકીય અને આર્થિક મુદ્દાઓનું અર્થઘટન કરવું.

જરૂરી સંસાધનો: [માપદંડોનો ઉલ્લેખ કરો]

પીપીટી PPT
ઓવરહેડ પ્રોજેક્ટર

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

પ્રવૃત્તિ માટે સેટિંગ [અંદર/બહાર]
પ્રવૃત્તિ વર્ગખંડમાં કરવામાં આવશે.

પ્રવૃત્તિનો પ્રકાર: [પ્રદર્શન / પ્રયોગ / ક્ષેત્ર સફર / પ્રોજેક્ટ]
વિદ્યાર્થીઓ તેમની આસપાસ જોયેલી અસમાનતાના ઉદાહરણો શોધવા માટે જૂથ ચર્ચામાં ભાગ લેશે.

ભાગ લેનારાઓની સંખ્યા:
બધા વિદ્યાર્થીઓ.

પ્રક્રિયા:

<u>શિક્ષક માટે નોંધ</u>:

શિક્ષક અહીં આપેલી PPT ની પ્રથમ ચાર સ્લાઇડ્સ બતાવીને પ્રવૃત્તિનો પરિચય કરાવી શકે છે. આ તબક્કે વિષયનો પરિચય કરાવવા માટે થોડા પ્રશ્નો પૂછી શકાય છે. આના મૌખિક જવાબો આપવાના છે)



<u>શિક્ષક માટે નોંધ</u>:

પ્રશ્ન ૧: રાજ્ય કોઈપણ નાગરિક સાથે નીચેના મુદ્દે ભેદભાવ ન રાખી શકે.
૧. ધર્મ
૨. જાતિ
3. જ્ઞાતિ
૪. ઉપરોક્ત તમામ

જવાબ: ઉપરોક્ત તમામ.

પ્રશ્ન ૨: શું આપણે કોઈને પણ જાહેર સુવિધાઓ જેમ કે કૂવાઓ કે ટાંકીઓમાંથી પાણી ખેંચવા, જાહેર પરિવહન કે  શૈક્ષણિક સંસ્થાઓ વગેરેનો ઉપયોગ કરતા અટકાવી શકીએ?

જવાબ: કોઈ પણ વ્યક્તિને જાહેર સુવિધાઓનો ઉપયોગ કરતા અટકાવવો જોઈએ નહીં. આ બધા માટે છે.

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

  

પ્રશ્ન 3 : શું ભારતીય બંધારણમાં આપેલ 'સમાનતાનો અધિકાર' અસ્પૃશ્યતાને નાબૂદ કરે છે? તે બીજું શું નાબૂદ કરે છે?

જવાબ: હા, સમાનતાનો અધિકાર અસ્પૃશ્યતાને નાબૂદ કરે છે.
૧. આ અધિકાર 'સર', રાય બહાદુર, જમીનદાર, વગેરે જેવા ખિતાબોને પણ નાબૂદ કરે છે.
૨. ભારતના નાગરિકોને ફક્ત લશ્કરી અને શૈક્ષણિક ભિન્નતાઓ જ આપી શકાય છે.
3. નાગરિકો કોઈપણ વિદેશી રાજ્યોના ખિતાબ સ્વીકારી શકતા નથી.
૪. રાજ્ય પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ વગેરે જેવા પદ્મ પુરસ્કારો તેમની અસાધારણ સેવા માટે અપાય છે.



સર જે.સી. બોઝ, એક ભૌતિકશાસ્ત્રી, વાનસ્પતિકશાસ્ત્રી અને રેડિયો વિજ્ઞાનમાં અગ્રગણ્ય

ચર્ચા

શિક્ષક માટે નોંધ: શિક્ષક વર્ગને ચાર જૂથોમાં વહેંચે છે. તે/તેની ચાર કાપલીઓ/ચબરખીઓ તૈયાર કરે છે જેમાં દરેક વિષય પર જાતિ, ધર્મ, લિંગ અથવા અપંગતા લખેલી હોય છે. દરેક જૂથનો નેતા એક કાપલી પસંદ કરે છે. જૂથોને વિચારવા અને સમાનતાના અધિકારનું ઉલ્લંઘન થયું હોય તેવા ઉદાહરણો સાથે આવવા માટે બે મિનિટનો સમય આપવામાં આવે છે. દરેક જૂથે ભેદભાવનો એક દાખલો વરણાવ્યા પછી, PPT માંથી બાકીની સ્લાઇડ્સ બતાવવામાં આવી શકે છે.
વિદ્યાર્થીઓ ઘણા ઉદાહરણો સાથે આવી શકે છે.

સંભવિત જવાબો:

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

1. અમારા ગામડાની શાળામાં કેટલાક બાળકોને અન્ય વિદ્યાર્થીઓ સાથે બેસવાની મંજૂરી નહોતી કારણ કે તેઓ નીચલી જાતિના હતા.

આ અસ્પૃશ્યતા નાબૂદ કરતા કાયદાની વિરુદ્ધ છે.

2. ચૂંટણી દરમિયાન, કેટલાક પક્ષના કાર્યકરો અમારા ઘરે આવ્યા અને અમને તેમના પક્ષના ઉમેદવારને મત આપવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો કારણ કે તે આપણા ધર્મનો છે. તેઓએ દલીલ કરી હતી કે જો અમે તેમને મત આપીશું તો તેઓ અમારા હિતોનું ધ્યાન રાખશે.

બંધારણ સ્પષ્ટપણે જણાવે છે કે ધર્મના આધારે લોકો સાથે કોઈ ભેદભાવ ન હોવો જોઈએ.

3. મારા કાકા, જે અંધ છે, ઘણી વખત પરીક્ષા પાસ કરવા છતાં તેમને બેંકમાં નોકરી મળી ન હતી. સુપ્રીમ કોર્ટે આ સંદર્ભમાં ચુકાદો આપ્યા પછી જ તેમને બેંકમાં નોકરી મળી.

અહીં, તેમના સમાનતાના અધિકારનું ઉલ્લંઘન કરવામાં આવ્યું કારણ કે તેમને દર વર્ષે બેંકિંગ પરીક્ષાઓ આપવી પડતી હતી, જ્યારે અન્ય લોકોને તે કરવાની જરૂર નહોતી. આ તેમની અપંગતાને કારણે ભેદભાવનો સ્પષ્ટ કિસ્સો હતો.



દૃષ્ટિહીન વ્યક્તિ

૪. ટીવી પર ઘણી જાહેરાતો છે જેમાં મહિલાઓને ગોરી દેખાવા માટે ક્રીમ અજમાવતા બતાવવામાં આવે છે.
આ રંગ અને લિંગના આધારે ભેદભાવને પ્રોત્સાહન આપે છે.



(અન્ય ઉદાહરણો વૈવાહિક જાહેરાતો હોઈ શકે છે જ્યાં જાતિ, રંગ, વગેરેનો ઉલ્લેખ હોય)

નિષ્કર્ષ:
વિદ્યાર્થીઓ એવા કિસ્સાઓની યાદી આપી શકે છે જ્યાં સમાનતાના અધિકાર સાથે ચેડા થયા છે.

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

<u>શિક્ષકને સૂચનાઓ:</u>
શિક્ષક અગાઉથી PPT બતાવીને પ્રવૃત્તિ સમજાવી શકે છે.
વિદ્યાર્થીઓ ને ખાતરી ન થાય ત્યાં સુધી કોઈપણ મુદ્દા પર ચર્ચા કરી શકે છે.

સાવધાની:
શિક્ષકે ખાતરી કરવી જોઈએ કે બધા વિદ્યાર્થીઓ પ્રવૃત્તિમાં ભાગ લે.

મુશ્કેલીનિવારણ:
વિદ્યાર્થીઓને અગાઉથી જણાવવું જોઈએ કે તેઓ ફક્ત ભેદભાવના ઉદાહરણો જ આપી શકે છે અને તેમની લાંબી ચર્ચા કરી શકતા નથી.

આ સંપત્તિમાં ઉપયોગમાં લેવાતી છબીઓની લિંક્સ:-

1. <Indian Constitution> - <https://commons.wikimedia.org/wiki/File:Constitution_of_India.jpg> Attribution: Illumination/ornamentation by Beohar
Rammanohar Sinha, calligraphy by Prem Behari Narain Raizada. / Public domain
2. <Sir J.C. Bose> https://commons.wikimedia.org/wiki/File:J.C.Bose.JPG
3. <visually impaired man> <https://commons.wikimedia.org/wiki/File:Blind_man_walking_with_a_long_cane.jpg>
Attribution: Jay Galvin / CC
BY (https://creativecommons.org/licenses/by/2.0)
4. Whitening cream><https://www.flickr.com/photos/waseef/2987575492> Attribution: Waseef Akhtar
https://creativecommons.org/licenses/bync/
2.0/

| શીખવવાનો સમય | વિભાગ પ્રકાર | વિષય | ઉપવિષય |
|---|---|---|---|
| ૨૦ મિનીટ | સૂચિત પ્રવૃતિ | વિવિધતા | ભેદભાવ થવા પર |

## ૬. MS_ભારતીય બંધારણમાં સમાનતા

ભારતીય બંધારણમાં સમાનતા




લોકશાહી તેના તમામ નાગરિકોને સમાનતા સુનિશ્ચિત કરે છે.

ભારતીય બંધારણ એ પણ સુનિશ્ચિત કરે છે કે આ દેશના લોકોને સમાનતાથી વર્તે. આ સંદર્ભમાં, બંધારણમાં ઘણી જોગવાઈઓ શામેલ છે. આમાં નીચેનાનો સમાવેશ થાય છે:

1. દરેક વ્યક્તિ કાયદા સમક્ષ સમાન છે. આનો અર્થ એ છે કે સામાન્ય માણસથી લઈને રાષ્ટ્રપતિ સુધી દરેક વ્યક્તિએ દેશના કાયદાઓનું પાલન કરવું પડશે.

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

2. ધર્મ, જાતિ, લિંગ વગેરેના આધારે કોઈ પણ વ્યક્તિ સાથે ભેદભાવ કરી શકાતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો, આ ખાતરી કરે છે કે દરેક સાથે સમાન વર્તન કરવામાં આવશે.

3. દરેક વ્યક્તિને દેશમાં ગમે ત્યાં ફરવાની અને બજારો, રમતના મેદાનો, બગીચાઓ વગેરે જેવી કોઈપણ જાહેર જગ્યાની મુલાકાત લેવાની સ્વતંત્રતા છે. તેનો અર્થ એ પણ છે કે કોઈ પણ આપણને કુવાઓ, નદીઓ, રસ્તાઓ વગેરે જેવી જાહેર સુવિધાઓનો ઉપયોગ કરવાથી રોકી શકે નહીં.

4. અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે. આ કોઈપણ સમુદાય સાથે અનાદરપૂર્ણ વર્તન કરવાથી અટકાવે છે.

સમાનતા પ્રાપ્ત કરવા માટે સરકાર દ્વિમાર્ગી અભિગમ અપનાવે છે:

1. તે દરેકના સમાનતાના અધિકારનું રક્ષણ કરવા માટે કાયદા બનાવે છે. ઉદાહરણ તરીકે, સરકાર પુરુષો અને સ્ત્રીઓને સમાન પગાર આપવા માટે કાયદા બનાવે છે.




2. બીજું, સરકાર લોકોની સ્થિતિ સુધારવા માટે અનેક કલ્યાણકારી યોજનાઓ લાગુ કરે છે.

- આ યોજનાઓમાં રાષ્ટ્રીય સાક્ષરતા મિશન કાર્યક્રમ (દરેક વ્યક્તિ વાંચી અને લખી શકે તે સુનિશ્ચિત કરવા માટે),
- કેન્દ્ર સરકારની આરોગ્ય યોજના (તબીબી સુવિધાઓ પૂરી પાડવા માટે),
- ગ્રામીણ ભંડારણ યોજના (કૃષિ પેદાશોનો વૈજ્ઞાનિક રીતે સંગ્રહ કરવા માટે),
- પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના (ગ્રામીણ વિસ્તારોમાં રહેઠાણ પૂરું પાડવા માટે), વગેરેનો સમાવેશ થાય છે.




CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

શિક્ષક માટે નોંધ-

શિક્ષક અહીં એક કે બે પ્રશ્નો પૂછી શકે છે જેમ કે,
મધ્યાહ્ન ભોજન કાર્યક્રમ શું છે? આ કાર્યક્રમ ના ફાયદા શું છે?
જવાબ- સરકાર દ્વારા શરુ કરાયેલ મધ્યાહ્ન ભોજન કાર્યક્રમ શાળા ના વિદ્યાર્થીઓને બપોર નું ભોજન પૂરું પડાય છે. આના ફાયદા આ પ્રમાણે છે:
૧. વિધાર્થીઓ નિયમિતપણે શાળામાં જાય છે.
૨. બાળકો સાથે બેસે અને તેઓ એકબીજાને ઓળખે.
૩. બાળકોને નિયમિત ભોજન પૂરું પાડવામાં આવતું હોવા થી માતાપિતા તેમને શાળાએ મોકલવા માટે વધુ વલણ ધરાવે.
૪. બાળકો ને ખુબ જરૂરી પોષણ પૂરું પાડી શકાય.
૫. બાળકો ને કોઈ પણ પ્રકાર ના કામ માં મોકલવામાં આવશે નહિ.



પ્રશ્ન ૨: શું તમને લાગે છે કે આ કાર્યક્રમ સમાનતાને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે?
જવાબ: આ કાર્યક્રમ બાળકોને શાળાએ જવા અને પૌષ્ટિક ભોજન મળે તે સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે. જેમ જેમ બધી જાતિઓ અને સમુદાયોના વિદ્યાર્થીઓ સાથે બેસે છે, તેમ તેમ તેઓ એકબીજાને ઓળખશે. આ બદલામાં એકતા અને સમાનતાની ભાવનાને પ્રોત્સાહન આપે છે. જોકે, લોકોના વલણમાં પરિવર્તન લાવવા માટે ઘણું બધું કરવાની જરૂર છે. આ તે દિશામાં એક નાનું પગલું છે.

આ સંપત્તિમાં ઉપયોગમાં લેવાતી છબીઓની લિંક્સ:-

1. <Indian flag> - <CC> <https://www.pexels.com/photo/accurate-asia-background-banner-2784335/> Photo by Vireshstudio
photographer from Pexels
2. <Constitution of India> <CC> <https://commons.wikimedia.org/wiki/File:Constitution_of_India.jpg> Attribution: Illumination/ornamentation by
Beohar Rammanohar Sinha, calligraphy by Prem Behari Narain Raizada. / Public domain
3. <Gender equality> - <CC> <https://commons.wikimedia.org/wiki/File:ReCom_results_meeting-_Aid_for_Gender_Equality._Copenhagen,_Denmark_(11433074435).jpg Attribution: UNU-WIDER from Helsinki, Finland [CC BY 2.0
(https://creativecommons.org/licenses/by/2.0)], via Wikimedia Commons>
4. <school children> <CC> <https://www.flickr.com/photos/gpforeducation/8574739163> Attribution: Global Partnership for Education
https://creativecommons.org/licenses/by-nc-nd/2.0/
5. <Old man> <CC> <https://commons.wikimedia.org/wiki/File:Health_Care_of_the_Elderly_-_India_(16669358474).jpg
CDC Global [CC BY 2.0
(https://creativecommons.org/licenses/by/2.0)], via Wikimedia Commons

6. <silos> <CC>
<https://www.needpix.com/photo/266086/tanks-industry-refinery-silos-dessert-dirt-free-pictures-free-photos-free-images
>
Attribution: jp26jp
7. <house within palms> <CC> https://pixabay.com/en/hands-house-home-protection-1176674/
8. <mid day meal> <https://commons.wikimedia.org/wiki/File:Midday_Meal_Scheme_children_at_primary_school.jpg>
Attribution: Karnataka
Learning Partnership / CC BY 2.5 IN (https://creativecommons.org/licenses/by/2.5/in/deed.en)
9. <Serving midday meal><https://www.flickr.com/photos/iloasiapacific/24765260770> Attribution: ILO Asia- Pacific
https://creativecommons.org/licenses/by-nc-nd/2.0/

| શીખવવાનો સમય | વિભાગ પ્રકાર | વિષય | ઉપવિષય |
|---|---|---|---|
| ૧૦ મિનીટ | મુખ્ય પાઠ | લોકશાહી | ભારતીય લોકશાહીમાં સમાનતા |

## ૭. VC_બધા એક છે

બધા એક છે



એક જ ધર્મ છે, પ્રેમનો ધર્મ;
એક જ ભાષા છે, હૃદયની ભાષા;
એક જ જાતિ છે, માનવતાની જાતિ.
- શ્રી સત્ય સાંઈ બાબા

શિક્ષકને નોંધ:

- શિક્ષક બ્લેકબોર્ડ પર આ વાક્ય લખી શકે છે અને વિદ્યાર્થીઓમાંથી એકને વાંચવાનું કહી શકે છે.
- શિક્ષક 'સમાનતા' શબ્દ દ્વારા વિદ્યાર્થીઓ શું સમજે છે તે પૂછી શકે છે અને બોર્ડ પર મળેલા જવાબોની યાદી બનાવી શકે છે.
- શિક્ષક એમ કહીને સમજાવી શકે છે:
- આપણે હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી કે શીખ હોઈ શકીએ છીએ. વ્યક્તિએ હંમેશા યાદ રાખવું જોઈએ કે આપણે બધા એક જ સ્રોતમાંથી છીએ. તે આપણને બધા સાથે સમાન રીતે વર્તવામાં મદદ કરશે.

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust




- એકબીજાને પ્રેમ કરવો અને એક પરિવાર તરીકે રહેવું એ શાંતિનો માર્ગ છે.
- પ્રિય વિદ્યાર્થીઓ, તમારે તમારા બધા સહપાઠીઓ સાથે સમાન રીતે વર્તવાનું શરૂ કરવું જોઈએ. તેઓ શ્રીમંત હોય કે ગરીબ, બસમાં શાળાએ આવી શકે છે અથવા કારમાં કે ચાલીને, તેઓ પાતળા કે જાડા હોઈ શકે છે. આનાથી કોઈ ફરક પડવો જોઈએ નહીં.

<u>આપણે આ અર્થમાં એક ગીત શીખીએ:</u>

- આપણે જે કોઈને મળીશું તેને દયાપ્રેમ આપીશું
- જરૂરિયાતની ક્ષણમાં મદદ કરીને પ્રકાશ, શાંતિ અને આનંદ લાવીએ
- આપણે દયાપ્રેમના ભાઈ બહેન છીએ
- આપણા સાથીઓ સાથે વહેંચીને આપણે એક નાનું વિશ્વ બનાવીએ.

ઓડિયો લિંક: http://sssbpt.org/audio/EHV/બધા એક છે.mp3

આ સંપત્તિમાં ઉપયોગમાં લેવાયેલી છબીઓની લિંક્સ:-

1. <people> <https://publicdomainvectors.org/en/free-clipart/People-of-the-World/73156.html
2. <Shri Swaminarayan Mandir > - <https://www.flickr.com/photos/primatologist/34439615375> Attribution: Ellsasha https://creativecommons.org/licenses/by-nc-nd/2.0/
3. Mosque> <https://www.pxfuel.com/en/free-photo-ovigx>
4. <Church> <https://pixabay.com/photos/dom-church-cathedral-1707664/> Attribution: Image by Peter H from Pixabay
5. <Gurdwara> <https://www.pexels.com/photo/landmark-water-building-lake-3493379/> Attribution: Shalender Kumar

| શીખવવાનો સમય | મૂલ્ય પ્રકાર | મૂલ્ય પેટા પ્રકાર | મૂલ્ય લક્ષણ |
|---|---|---|---|
| ૭ મિનીટ | પ્રેમ | | ગીતો |

## ૮. DD_રસ્તાઓ પર રહેવું

<u>શેરીઓ પર રહેવું</u>

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust 



(<u>શિક્ષક માટે નોંધ</u>: શિક્ષક વિષયનો પરિચય કરાવવા માટે થોડા ચર્ચા પ્રેરિત પ્રશ્નો પૂછી શકે છે. બાળકો વિવિધ જવાબો આપી શકે છે.)

- શું તમે ટ્રાફિક સિગ્નલ પર બાળકો તમને સુશોભિત નાની મોટી વસ્તુ વેચવાનો પ્રયાસ કરતા જોયા છે?
- કેટલાક ભીખ માંગવા પણ આવી શકે છે.
- શું તેમને પણ યોગ્ય જીવન જીવવાનો અધિકાર નથી?
- શું તેઓ આપણા કરતા ઓછા સમાન છે?



અસ્તિત્વ

- આપણે અસંખ્ય બાળકોને રસ્તાઓ પર રહેતા જોઈએ છીએ.
- તેઓ અનાથ અથવા બેઘર બાળકો છે, જેઓ પોતાના જીવનનિર્વાહ માટે રસ્તાઓ પર આધાર રાખે છે. કેટલાક સ્થળાંતરિત પરિવારોના બાળકો છે જે ગામડાઓથી શહેરોમાં આજીવિકા માટે આવે છે.
- શેરી બાળકો મોટે ભાગે બાંધકામ સ્થળો, રેલ્વે સ્ટેશનો, શોપિંગ મોલ વગેરેની નજીક રહે છે.
- તેમનું જીવન મુશ્કેલ છે કારણ કે તેમને પોતાનું ગુજરાન ચલાવવું પડે છે. તેઓ ભીખ માંગીને અથવા શેરીઓમાં પ્રદર્શન કરીને જીવન નિર્વાહ કરવા માટે સંઘર્ષ કરે છે.
- કેટલાક ટ્રાફિક સિગ્નલો પર સસ્તી સુશોભિત વસ્તુ પણ વેચે છે.
- રસ્તાઓ પર રહેવું અને ભીખ માંગવી, તેમનું ગૌરવ છીનવી લે છે.
- આરામદાયક જીવન જીવવા માટે તેમની મૂળભૂત જરૂરિયાતો પૂરી થાય તે સુનિશ્ચિત કરવા માટે સરકારે હજુ લાંબી મજલ કાપવાની છે.



CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

આ બાળકો માટે આશાની કિરણ!

- રસ્તાઓ પર રહેતા બાળકો જીવનમાં સમાન તકો ગુમાવે છે કારણ કે તેઓ શાળાએ જઈ શકતા નથી. જ્યારે તેઓ બીમાર પડે છે ત્યારે પણ તેઓને 'તબીબી સહાય' મળી શકતી નથી.
- પરંતુ આપણે આશાનું કિરણ જોઈએ છીએ કારણ કે, ઘણા લોકો સાંજે રેલ્વે સ્ટેશનો અથવા રસ્તાની બાજુમાં તેમને શીખવવા માટે સ્વયંસેવક તરીકે સેવા આપે છે.
- કેટલાક લોકોએ આ રીતે તેમનું શાળાકીય શિક્ષણ પણ પૂર્ણ કર્યું છે.



આ સંપત્તિમાં ઉપયોગમાં લેવાયેલી છબીઓની લિંક્સ:

-

1. <street children> <https://www.flickr.com/photos/thukral/2051504815> Attribution: Sandeep Singh Thukral https://creativecommons.org/licenses/by-nc-nd/2.0/
2. <street child carrying a small child> <https://www.flickr.com/photos/venetiajoubert/3267814821> Attribution: Venetia Joubert Sarah Oosterveld https://creativecommons.org/licenses/by/2.0/>
3. <street child> 1.<https://www.pexels.com/photo/street-children-3476863/>
4. <education wheel> <https://freesvg.org/education-wheel> Public Domain

| શીખવવાનો સમય | વિભાગ પ્રકાર | વિષય | ઉપવિષય |
|---|---|---|---|
| 3 મિનીટ | રોજ ની સુસંગતતા | વિવિધતા | અસમાનતા અને ભેદભાવ |

## ૯. QA_પુનરાવર્તન_સમાનતા વિષે

### પુનરાવર્તન - સમાનતા વિષે

A) જોડકા જોડો:

| A | B |
|---|---|
| ૧) આફ્રિકન-અમેરિકનો માટે સમાન અધિકારો | A) વંશીય અને ધાર્મિક ભેદભાવ પર પ્રતિબંધ મૂકે છે |
| ૨) ઓમપ્રકાશ વાલ્મીકી | B) આફ્રિકન-અમેરિકન |
| ૩) મહાત્મા ગાંધી | C) યુનાઇટેડ સ્ટેટ્સ |

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

| A | B |
|---|---|
| ૧) આફ્રિકન-અમેરિકનો માટે સમાન અધિકારો | A) વંશીય અને ધાર્મિક ભેદભાવ પર પ્રતિબંધ મૂકે છે |
| ૨) ઓમપ્રકાશ વાલ્મીકી | B) આફ્રિકન-અમેરિકન |
| ૪) રોઝ પાર્કસ | D) ભારતીય બંધારણમાં સમાનતાનો સમાવેશ |
| ૫) નાગરિક અધિકાર અધિનિયમ | E) ગૌરવનું ઉલ્લંઘન |
| ૬) ડૉ. આંબેડકર | F) દક્ષિણ આફ્રિકામાં વંશીય ભેદભાવ સામે લડ્યા |
| ૭) અન્ય વિદ્યાર્થીને ધમકાવવું | G) જુથન |

જવાબ: **1- C; 2- G; 3- F; 4- B; 5- A; 6- D; 7-E.**

B) નીચેના વિધાન સાચા છે કે ખોટા તે જણાવો:

1) રોઝા પાર્ક્સે બસમાં એક ગોરા માણસને પોતાની સીટ આપી દીધી.
જવાબ: ખોટું. રોઝા પાર્ક્સ, એક આફ્રિકન અમેરિકન મહિલા હોવાને કારણે, બસમાં પોતાની સીટ છોડવાનો ઇનકાર કર્યો હતો કારણ કે તે કામ પછી થાકી ગઈ હતી.

2) ભારતીય બંધારણ દેશના કોઈપણ ભાગમાં ફરવાની સ્વતંત્રતાની ખાતરી આપે છે.

જવાબ: સાચું, 'સ્વતંત્રતાનો અધિકાર' બધા નાગરિકોને દેશના કોઈપણ ભાગમાં મુક્તપણે ફરવાની મંજૂરી આપે છે.

3) ભારતમાં દરેક બાળકને 10મા ધોરણ સુધીનું મૂળભૂત શિક્ષણ પૂરું પાડવામાં આવે છે.
જવાબ: ખોટું. કાયદો જણાવે છે કે દરેક બાળકને શિક્ષણ આપવું જોઈએ, પરંતુ આ લક્ષ્ય હજુ સુધી પ્રાપ્ત થયું નથી.

4) મતદાનનો અધિકાર એટલે કે ભારતમાં રહેતો દરેક વ્યક્તિ મતદાન કરી શકે છે.
જવાબ: ખોટું. દેશના પુખ્ત નાગરિકોને જ મતદાન કરવાનો અધિકાર છે.

5) જ્યારે આપણે ગુસ્સાથી બોલીએ છીએ, ત્યારે આપણે બીજા વ્યક્તિના ગૌરવનું ઉલ્લંઘન કરીએ છીએ.
જવાબ: સાચું. ગુસ્સાથી બોલીને આપણે બીજા વ્યક્તિની લાગણીઓને ઠેસ પહોંચાડીએ છીએ.

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

C) તમારા વિસ્તારમાં એક સરકારી યોજના વિશે જાણો. આ યોજનાથી કોને ફાયદો થાય છે?
જવાબ: સરકાર દ્વારા 'બેટી બચાવો બેટી પઢાઓ' યોજનાનો હેતુ છોકરીઓને સારું ભવિષ્ય પૂરું પાડવાનો છે. આ યોજના ખાતરી કરે છે કે બધી છોકરીઓને સરકાર દ્વારા મફત શિક્ષણ પૂરું પાડવામાં આવે.

D) નાગરિક અધિકાર ચળવળ શું છે? તેનાથી યુએસએના આફ્રિકન અમેરિકન લોકોની સ્થિતિમાં કેવી રીતે સુધારો થયો?

- 1950 ના દાયકા પહેલા યુએસએમાં આફ્રિકન અમેરિકનો સાથે ખૂબ જ ખરાબ વર્તન કરતા હતા.
- તેમના પૂર્વજોને આફ્રિકાથી ગુલામ તરીકે ખરીદવામાં આવતા હતા અને તેથી તેઓ અન્ય લોકોની જેમ સ્વતંત્રતાનો આનંદ માણી શકતા ન હતા. તે સમય હતો જ્યારે જાતિવાદ પ્રચંડ હતો.
- તેઓ સમાન અધિકારો માટે લડવા માટે ભેગા થયા, જેને નાગરિક અધિકાર ચળવળ તરીકે ઓળખવામાં આવે છે.
- તેઓ એવા કાયદા ઇચ્છતા હતા જે જાતિ, ધર્મ અથવા રાષ્ટ્રીયતાના આધારે ભેદભાવને પ્રતિબંધિત કરે.
- તેઓ એ પણ ઇચ્છતા હતા કે આફ્રિકન અમેરિકન બાળકોને ખાનગી શાળાઓમાં જવાની સ્વતંત્રતા મળે જે સરકારી શાળાઓ કરતાં વધુ સારી રીતે સજ્જ હોય. તેમને સરકારી શાળાઓમાં જવાની ફરજ પાડવામાં આવી હતી કારણ કે તેઓ આફ્રિકન અમેરિકન જાતિના હતા અને તેમની સામાજિક સ્થિતિને કારણે પણ.
- નાગરિક અધિકાર ચળવળે દેશમાં આફ્રિકન અમેરિકનોની સ્થિતિ સુધારવામાં મદદ કરી.



E)
a) ‘બધા વ્યક્તિઓ કાયદા સમક્ષ સમાન છે’ શબ્દનો તમે શું અર્થ કરો છો?
જવાબ: ‘બધા વ્યક્તિઓ કાયદા સમક્ષ સમાન છે’ વાક્યનો અર્થ એ છે કે કાયદાની નજરમાં દરેક વ્યક્તિ સમાન છે. કાયદા દ્વારા બધા સાથે સમાન વર્તન કરવામાં આવે છે, પછી ભલે તે રાષ્ટ્રપતિ હોય કે સામાન્ય વ્યક્તિ. દરેક વ્યક્તિએ તેમના પદને ધ્યાનમાં લીધા વિના દેશના કાયદાનું પાલન કરવું જોઈએ.

b) લોકશાહીમાં આ મહત્વપૂર્ણ કેમ છે?
જવાબ: લોકશાહી સમાનતાના સિદ્ધાંત પર આધારિત છે કારણ કે તે લોકોના પ્રતિનિધિઓ દ્વારા શાસન કરે છે. બધાને મતદાન કરવાનો અથવા જાહેર પદ સંભાળવાનો સમાન અધિકાર છે. જાતિ, ધર્મ અથવા લિંગના આધારે કોઈ ભેદભાવ નથી. તેથી 'બધા વ્યક્તિઓ કાયદા સમક્ષ સમાન હોવા જોઈએ' તે મહત્વપૂર્ણ છે.

F) વિકલાંગ વ્યક્તિઓના અધિકારો અધિનિયમ, 2016, જણાવે છે કે- વિકલાંગ વ્યક્તિઓને સમાન અધિકારો છે. સરકારે મફત શિક્ષણ પૂરું પાડવું પડશે અને વિકલાંગ

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust 

બાળકોને મુખ્ય પ્રવાહની શાળાઓમાં સામેલ કરવા પડશે. કાયદો એ પણ જણાવે છે કે જાહેર સ્થળોએ ઢાળ પૂરા પાડવા જોઈએ.

a) જ્યારે કોઈ બાળકને બીજા લોકો દ્વારા ઊચકીને સીડી પરથી નીચે લઈ જવામાં આવે છે, ત્યારે શું તમને લાગે છે કે ઉપરોક્ત કાયદાનો અમલ થઈ રહ્યો છે?
જવાબ: અહીં કાયદાનો અમલ થઈ રહ્યો નથી કારણ કે બિલ્ડિંગમાં અપંગ લોકો માટે કોઈ ઢાળ નથી.

b) શું તેને સીડી પરથી નીચે લઈ જવામાં આવે ત્યારે તેના ગૌરવ અને સલામતી પર અસર પડે છે?
જવાબ: જ્યારે બાળકને સીડી પરથી નીચે લઈ જવામાં આવે છે ત્યારે તે અસ્વસ્થતા અનુભવી શકે છે. ક્યારેક, તે ખતરનાક પણ હોય છે કારણ કે જો 'અન્ય' લોકો સાવચેત ન હોય તો તે પોતાને હાનિ  પહોંચાડી શકે છે.

G) ભલે કાંતા લોકશાહીમાં રહે છે અને મતદાન કરવા જાય છે, પણ તે વિચારવા લાગે છે કે શું તે ખરેખર સમાન છે. ત્રણ કારણો આપો જેના કારણે તેણીને આવું લાગે છે.
જવાબ: કાંતા નીચેના કારણોસર શંકા કરવા લાગે છે કે શું તે ખરેખર સમાન છે:

૧. તેની પુત્રી બીમાર હોવા છતાં તે રજા લેવા માટે અનિચ્છા રાખે છે, કારણ કે તેને ડર છે કે તેનો પગાર કાપવામાં આવશે.
૨. તે એક ઝૂંપડપટ્ટીમાં રહે છે, જે ગંદી છે જ્યારે તે બીજાના ઘર સાફ કરવાનું કામ કરે છે.
૩. જ્યારે તેની પુત્રીને તાવ આવે છે ત્યારે તેને સરકારી હોસ્પિટલમાં ડૉક્ટરને મળવા માટે લાંબી કતારમાં ઊભા રહેવું પડે છે.

H) લોકશાહીમાં સાર્વત્રિક પુખ્ત મતાધિકાર શા માટે મહત્વપૂર્ણ છે?
જવાબ: લોકશાહી લોકોની શક્તિ/શાસનના સિદ્ધાંત પર આધારિત છે. તેથી દરેક નાગરિકને લિંગ, જાતિ, ધર્મ અથવા વર્ગને ધ્યાનમાં લીધા વિના સમાન રાજકીય અધિકારો (મતદાનનો અધિકાર) આપવામાં આવે છે. આમ, સાર્વત્રિક પુખ્ત મતાધિકાર લોકશાહીની પૂર્વશરત છે.

I) પ્રશ્ન: કલમ ૧૫ અસમાનતાને સંબોધિત કરે છે તે બે રીતો જણાવો.

**ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૫ માંથી અંશો**

ભારતીય બંધારણનો અનુચ્છેદ (Article) ૧૫  ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થળના આધારે કોઈપણ નાગરિક સાથે ભેદભાવ કરવા પર પ્રતિબંધ મૂકે છે。

(૧) કોઈ નાગરિકની સામે ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાનને અથવા એમાંના કોઈ કારણે રાજ્ય ભેદભાવ કરી શકશે નહીં.

(૨) ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાનને અથવા એમાંના કોઈ એકના આધારે નીચેની બાબતોમાં કોઈ અક્ષમતા, જવાબદારી, પ્રતિબંધ અથવા શરત હેઠળ મૂકવામાં નહીં આવે—

(ક) દુકાનો, જાહેર રેસ્ટોરાં, હોટલો અને જાહેર મનોરંજનના સ્થળોમાં પ્રવેશ;
અથવા
(ખ) રાજ્ય નાણાંમાંથી પૂર્ણત: કે અંશત: નિભાવાતા અથવા આમ જનતાના ઉપયોગ માટે અર્પણ કરાયેલા કુવા, તળાવો, સ્નાનઘાટો, રસ્તા અને સાર્વજનિક સ્થળોના ઉપયોગ, ને લગતી કોઈ નિયોગ્યતા, દાયિત્વ, નિયંત્રણ, અથવા શરતને આધીન રહેશે નહીં.

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

જવાબ: કલમ ૧૫ અસમાનતાને સંબોધિત કરે છે

૧. બધા વ્યક્તિઓને દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ અથવા જાહેર મનોરંજનના સ્થળોની મુલાકાત લેવાની મંજૂરી આપીને (કોઈને પ્રવેશ નકારી શકાય નહીં)
૨. કૂવા, ટાંકી, રસ્તા વગેરે જેવી જાહેર સુવિધાઓનો ઉપયોગ બધા દ્વારા કરવાની મંજૂરી આપીને

J) ઓમપ્રકાશ વાલ્મીકીનો અનુભવ કઈ રીતે અન્સારી જેવો જ હતો?
જવાબ: બંનેએ ભેદભાવનો અનુભવ કર્યો - ઓમપ્રકાશ વાલ્મીકી દલિત હોવાને કારણે અને અન્સારીઓ અલગ ધર્મના હોવાને કારણે.

આ સંપત્તિમાં ઉપયોગમાં લેવાયેલી છબીઓની લિંક્સ:-
1. <Dr. Martin Luther King> <https://pxhere.com/en/photo/1588089>
Attribution: Photo by mohamed hassan form PxHere

| શીખવવાનો સમય | વિભાગ પ્રકાર | વિષય | ઉપવિષય |
|---|---|---|---|
| ૧૦ મિનીટ | મૂલ્યાંકનો | વિવિધતા | સમાનતા માટે પ્રયત્નશીલ |

## ૧૦. MS_સારાંશ- સમાનતા વિષે

<u>સારાંશ–સમાનતા વિષે</u>

આ પાઠમાં આપણે તપાસ્યુ છે કે:-

- બંધારણ સમાનતા ના અધિકારને સમર્થન આપે છે.
- સમાનતા ના ત્રણ પ્રકાર છે.
- વ્યક્તિના ગૌરવ નું ઉલ્લંઘન કરવું એ ભેદભાવ છે.
- સરકાર કાયદા પ્રસાર કરીને અને કલ્યાણ કરી યોજનાઓ લાગુ કરીને સમાનતા લાવે છે.
- સમગ્ર વિશ્વમાં લોકો સમાન અધિકારો માટે સંઘર્ષ કરે છે

| શીખવવાનો સમય | વિભાગ પ્રકાર | વિષય | ઉપવિષય |
|---|---|---|---|
| ૩ મિનીટ | મુખ્ય પાઠ | લોકશાહી | અન્ય લોકશાહીમાં સમાનતાના મુદ્દાઓ,<br>ભારતીય લોકશાહીમાં સમાનતા |

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

# મુખ્ય પાઠ યોજના

| મુખ્ય પાઠ યોજના માટે સાત પદ્ધતિ | |
|---|---|
| આ મુખ્યપા ઠ યોજનાનો હેતુ શું છે? | આ મુખ્ય પાઠ યોજના (MLP) શ્રી સત્યસાઈ વિદ્યા વાહિની (SSSVV) દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે, જે આપેલા બોર્ડ માટેના આખા અધ્યાયને આવરીલે છે. પાઠ પુસ્તકમાં આપેલા અધ્યાય માટેનો MLP નાના વિભાગોમાં વિભાજિત કરવા માં આવ્યો છે, જેને એસેટ્સ તરીકે ઓળખવા માં આવે છે. SSSVV પદ્ધતિ શાસ્ત્ર માં કોઈપણ અધ્યાય 7 પ્રકારના એસેટ્સનો ઉપયોગ કરીને શીખવવામાં આવે છે. વિવિધ એસેટ્સ મળીને અધ્યાયને સંપૂર્ણ બનાવે છે. આવશ્યકતા અનુસાર, દરેક એસેટને શીખવવા માટે ટેકનિકલ સાધનો – જેમકે એનિમેટેડ પ્રેઝન્ટેશન, ઓડિયો, વીડિયો – તેમજ વર્કશીટ જેવી શૈક્ષણિક સામગ્રી નો આધાર આપવામાં આવે છે. MLP શિક્ષકની તૈયારી માટે છે, જ્યારે ટીચિંગ એઈડ્સ વર્ગખંડ માં ઉપયોગ માટે હોય છે. |
| તેનો ઉપયોગ કેવી રીતે | આ MLP દ્વારા તમે તમારા વર્ગ માટે માત્ર 3 સરળ પગલાંઓમાં તૈયારી કરી શકો છો:<br>૧. તમારું પાઠ્ય પુસ્તક વાંચો. 2. એસેટ્સ (દસ્તાવેજ અને મલ્ટીમીડિયા) માં આપવામાં આવેલી માહિતીને ધ્યાનપૂર્વક જુવો. 3. તમારી શિક્ષણ નોંધો તૈયાર કરો. અભિનંદન! હવે તમે અધ્યાય શીખવાડવા માટે તૈયાર છો. |
| અવધિ | કૃપા કરીને દરેક એસેટ માટે આપેલી અવધિ નોંધો. બોર્ડ દ્વારા નિર્ધારિત સમય મર્યાદા માં અધ્યાય પૂર્ણ થાય તે માટે એસેટ્સનું આયોજન ખૂબજ વિચારપૂર્વક કરવામાં આવ્યું છે.<br>નોંધ: તૈયારી માટેનો સમય એસેટની અવધિમાં સમાવિષ્ટ નથી. શિક્ષણ માટેનો સમય શિક્ષણ સહાયક સાધનોની અવધિ પર આધાર રાખે છે અને MLP ની લંબાઈથી પ્રભાવિત થતો નથી. |
| મુખ્ય પાઠયક્રમ (MS) એસેટ શું છે? | ક્રમ એસેટ અધ્યાયના મુખ્ય ખ્યાલોને સ્પષ્ટ રીતે સમજાવવા માટે આપેલ છે. માં આપેલી માહિતી સરળ, સંકલિત અને સુવ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવી છે વધુ સ્પષ્ટ બને. અતિરિક્તરૂપે, તમે કોઇ વીડિયોઓ, સ્મૃતિવર્ધક સૂત્ર (mnemonics) ક સંગઠક (graphic organiser) પણ જોઈ શકો છો, જે ખ્યાલોને ઊંડી સમજણ મદદરૂપ થાય છે. |
| MS એસેટનો ઉપયોગ કરીને શીખવાડવાની રીત શું છે? | કૃપા કરીને ખ્યાલ વિકસાવવા માટે બ્લેકબોર્ડ, સ્લાઈડ્સ અને વિદ્યાર્થીઓ સાથેની પરસ્પર ક્રિયાનો ઉપયોગ કરો. આ રીતે શીખવાના વિવિધ માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓને વધુ સ્પષ્ટતા અને રસ મળે છે. |
| જિજ્ઞાસા ઉત્પન્ન કરતા પ્રશ્નો' (IQ) એસેટ શું છે? | જિજ્ઞાસાસભર પ્રશ્નો અસેટ પ્રશ્નોના ઉપયોગથી ઊંચા સ્તરના વિચાર વિમર્શને પ્રોત્સાહન આપે છે, જેમ કે "શામાટે", "શું થાય જો…", નવા દ્રષ્ટિકોણો, કારણ-પરિણામ સંબંધ વગેરે — જે વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા અને ઊંડાણપૂર્વકના વિચારોને ઉજાગર કરે છે. |
| IQ એસેટનો ઉપયોગ કરીને શીખવાડવાની રીત શું છે? | તમે વિદ્યાર્થીઓ સાથે જોડાણ સ્થાપિત કરવા માટે આ પ્રશ્નોનો ઉપયોગ કરી શકો છો. તેઓના વિચારો અને વિચારી શકવાની ક્ષમતા વિકસે તે માટે, તેમને વિવિધ દૃષ્ટિકોણોથી વિચારવા માટે પ્રોત્સાહિત કરો. તમે અનેક જવાબોને સ્વીકારી શકો છો, અને સીધો જવાબ ન આપી, પહેલા “શા માટે એવું વિચાર્યું?” જેવા પ્રશ્નો પૂછો. આથી તેઓ વધુ ઊંડાણથી વિચારશે, અને પછી સૂચિત જવાબ કે ઇશારો આપી શકો. |
| રોજિંદી લાગણી સાથે જોડાણ' (DD) એસેટ શું છે? | દૈનિક જીવનમાં ઉપયોગીતા (Day to Day Relevance):એ વિષયની વ્યવહારિક ઉપયોગિતા સમજવામાં વિદ્યાર્થીઓને મદદ કરે છે, જેથી તેઓ ઊંડો રસ લે અને શીખવામાં ઊંડાણપૂર્વક જોડાય. જ્યારે વિદ્યાર્થીઓ કોઈ સંકલ્પનાને પોતાના આજુબાજુના પરિપ્રેક્ષ્ય સાથે જોડે છે, ત્યારે તેઓ તે વિષયને માત્ર પરીક્ષા માટે યાદ કરતા નથી, પરંતુ હકીકતમાં તેને સમજીને શીખે છે. આ રીતે શીખવું વધુ અર્થપૂર્ણ, રસપ્રદ અને યાદગાર બને છે. |

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust

| | |
|---|---|
| રુચિકર વિગતો' (IA) એ શું છે? IA Asset નો ઉપયોગ કરીને શીખવવાની રીત શું છે? | રસપ્રદ માહિતીએ જિજ્ઞાસુ બાળકની જ્ઞાનભૂખ સંતોષવા અને શીખવામાં આનંદ લાવવા માટે રસપ્રદ હકીકતો કે નાના પ્રસંગોનો ઉપયોગ કરે છે. આ એક ટૂંકું અને ચપળ એસેટ છે જેનો ઉદ્દેશ મુખ્ય વિષય તરફ વિદ્યાર્થીનું ધ્યાન ફરી વાળવાનો હોય છે. |
| રુચિકર વિગતો (IA Asset) નો ઉપયોગ કરીને શીખવવાની રીત શું છે? | તમે આ અસેટનો ઉપયોગ વિષય સાથે સંબંધિત રસપ્રદ માહિતી આપવા માટે કરી શકો છો, વધારે વિગતવાર ચર્ચા કર્યા વિના. તમે વિદ્યાર્થીઓને વધુ વાંચન માટે યોગ્ય પુસ્તકોની ભલામણ પણ કરી શકો છો. |
| સૂચિત પ્રવૃત્તિ' (SA) એ શું છે? | સૂચવેલી પ્રવૃતિ અસેટ શિક્ષકને હથેળી પર કરી શકાય તેવી પ્રવૃતિ કરવાની તફસિલવાર પગલાવાર પ્રક્રિયા પ્રદાન કરે છે. આ પ્રવૃતિ આધારિત અભ્યાસને પ્રોત્સાહન આપે છે. |
| SA Asset નો ઉપયોગ કરીને શીખવવાની રીત શું છે? | તમે આ અસેટનો ઉપયોગ તમારી કક્ષાને ઉર્જાવાન બનાવવા માટે કરી શકો છો, જેમાં વિદ્યાર્થીઓ વિષય આધારિત સરળ અને મઝેદાર પ્રવૃત્તિઓ દ્વારા શીખે છે. આ આસેટમાં ત્રણ તબક્કાઓનો સમાવેશ થાય છે – તૈયારી, પ્રવૃત્તિ અને અનુસરણ. તૈયારી અને અનુસરણ તબક્કાઓમાં તમે વિદ્યાર્થીઓને જોડીને સહકાર અને જવાબદારીનો ભાવ વિકસાવી શકો છો. તમે આ પ્રવૃત્તિ પ્રથમવાર જાતે અજમાવી લો જેથી આશય સ્પષ્ટ રહે અને તમારું સંચાલન વધુ સારું થાય. નોંધ: અસેટમાં આપેલી સમયસીમા મુખ્યત્વે પ્રવૃત્તિના ભાગ માટે હોય છે. |
| મૂલ્ય આધારિત સામગ્રી' (VC) એ શું છે? | મૂલ્ય આધારિત વિષયવસ્તુ આસેટ સર્વત્ર માનવ મૂલ્યો (જેમ કે સહાનુભૂતિ, સમાવેશ, કુદરત પ્રત્યે માન અને જવાબદાર વર્તન) ને પાઠ્ય ક્રમમાં સહજ રીતે સમાવે છે, કારણ કે "શિક્ષણનો અંતિમ લક્ષ્ય છે – પાત્રતા." આ પ્રકારની એસેટો વિદ્યાર્થીઓમાં સારા ગુણો વિકસાવે છે અને તેમને સંવેદનશીલ અને જવાબદાર નાગરિક બનાવવામાં મદદરૂપ થાય છે. |
| VC Asset નોઉપયોગકરીનેશીખવવાની રીતશુંછે? | તમે આ આસેટનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી શકો છો જેથી કરીને તેમના અંદરના મૂલ્યો બહાર આવી શકે અને વિષય/સંકલ્પનામાં છુપાયેલા સ્વભાવગત માનવ મૂલ્યો સાથે જોડાઈ શકે. આ આસેટમાં વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિ અંગે સૂચનાઓ આપવામાં આવેલી છે, જેના આધારે શિક્ષક વિદ્યાર્થીઓને સકારાત્મક મૂલ્યો તરફ દોરી શકે છે.. |
| આકલન માટે પ્રશ્નો' (QA) એ શું છે? | પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન માટેનો આસેટ વિવિધ પ્રકારના શીખનાર વિદ્યાર્થીઓના શીખવાને ચકાસવા માટે ઇન્ટરેક્ટિવ રીત અપનાવે છે અને શિક્ષકને યોગ્ય પગલાં લેવા માટે પ્રતિસાદ આપે છે.<br>આ પ્રશ્નો બ્લૂમની ટેક્સોનોમીના તમામ સ્તરોને અનુરૂપ હોય છે. 'અનુપ્રયોગ' સ્તર અને તેથી ઉપરના પ્રશ્નો વિદ્યાર્થીઓને તેમના શીખેલા વિષય પર વિચાર કરવા માટે પ્રેરિત કરે છે. |
| QA Asset નો ઉપયોગ કરીને શીખવવાની રીત શું છે? | તમે સ્લાઇડ્સનો અભ્યાસ કરીને તેના પ્રવાહને સમજી શકો છો અને ક્યારે જવાબ ક્લિક કરવો તે જાણી શકો છો (સ્લાઇડ્સમાં સૂચિત જવાબો સમાવિષ્ટ હોય છે).<br>જ્યારે તમે વર્ગખંડમાં રજૂઆત કરો ત્યારે, તમે પહેલા પ્રશ્ન દર્શાવીને વિદ્યાર્થીઓમાંથી અનેક જવાબો મેળવી શકો, ત્યારબાદ જવાબ જાહેર કરો.<br>કેટલાક પ્રસંગોમાં આ આસેટમાં વધારાના પ્રશ્નો અથવા વર્કશીટ શામેલ હોય શકે છે, જેને હોમવર્ક તરીકે આપી શકાય. |

This digital material has been developed by the Sri Sathya Sai Vidya Vahini, a unit of Sri Sathya Sai Central Trust, Prasanthi Nilayam, as a collaborative offering in the service of our nation.

CC BY-NC-SA 4.0 Sri Sathya Sai Central Trust